ગાંધીનગર સમાચાર


Regd. No. GNR/65-G

# ડેપો સંકુલમાં ઉકરડા અસ્તિત્વમાં આવતાં મુસાફરોને ગૂંગળામણ

## એસ.ટી. બસો પર નિર્મળ નગરનાં સોહામણા સૂત્રો ચિત્રાવતા ડેપો સંકુલમાં ગંદકીના બિહામણા દૃશ્યો

ગાંધીનગર, તા. ૨૫

નિર્મળ નગરના સોહામણા પાટીયા લઈને ફરતી એસ.ટી. બસોના ડેપો સંકુલમાં ખડકાયેલા કચરાના ઢગ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. ડેપો સંકુલના પાછળના પ્રવેશદ્વાર પાસે સ્થિત કોતરમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે તરવરતી અસહ્ય ગંદકીના લીધે મુસાફરો ગુંગળામણ અનુભવી રહ્યા છે. શહેરના સેકટરોમાં પણ કચરાના ઢગ જામ્યા છે. જયારે જાહેર સ્થળોએ પણ ઉકરડા અસ્તિત્વમાં આવતા જનઆરોગ્ય સામે ખતરો મંડરાયો છે. એસ.ટી. ડેપોને મોડેલ બનાવવાની વાત થાય છે ત્યારે સ્વચ્છતા જાળવવાનો અભિગમ કેળવાય તેવો સુર ઉઠવા પામ્યો છે.





સમગ્ર શહેરમાં સફાઈ કામગીરીના નામે મીંડુ ચિતરાયેલું છે. વરસાદી દિવસોમાં કચરાના ઢગ વચ્ચે પાણીનો ભરાવો થતા અસહ્ય દુર્ગંધના લીધે સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે ત્યારે સફાઈ વ્યવસ્થાને નમૂનારૂપ બનાવવાની સૂફીયાણી વાતો સિવાય કોર્પોરેશન કક્ષાએથી પણ કોઈ નકકર આયોજન થઈ શકયું નથી. જયારે શહેરના જાહેર સ્થળો પણ સફાઈ વ્યવસ્થાની બિહામણી સ્થિતિનું મુખપૃષ્ઠ બન્યા હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરના મધ્ય વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોના સંકુલમાં જ ઉકરડો અસ્તિત્વમાં આવ્યો છે. ડેપો સંકુલના પાછળના ભાગે પ્લાસ્ટીક કોથળીઓના વેસ્ટેજનો ઢગ ખડકાયો છે વરસાદી પાણીના ભરાવા વચ્ચે ખદબદતી ગંદકીના લીધે તીવ્ર દુર્ગંધ ફેલાતા ડેપો સંકુલમાં પસાર થતા મુસાફરો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. ડેપો સંકુલમાં સફાઈ વ્યવસ્થાના અભાવે ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. નિર્મળ નગરના સોહામણા સૂત્રો સાથે માર્ગ પર દોડતી એસ.ટી.ની બસોના માધ્યમથી સોસાયટીમાં સ્વચ્છતાનો સંદેશો આપવાનો અભિગમ કેળવાયો છે ત્યારે ડેપો સંકુલમાં જ દિવા તળે અંધારું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# જિલ્લા પંચાયતના ૨૬મા પ્રમુખ તરીકે હિના પટેલની તાજપોશી

## તાલુકા, જિલ્લા, પ્રદેશના આગેવાનોની વિશેષ હાજરી : ગ્રામીણ વિસ્તારના સરપંચો અને મહિલા આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૬મા પ્રમુખ તરીકે આજે કોંગ્રેસના શ્રીમતિ હીનાબેન હરેશકુમાર પટેલની કાર્યકરો અને નેતાઓની હાજરીમાં વિધિવત્ તાજપોશી કરાઈ હતી.

૨૩મીએ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં બહુમતિથી વિજયી જાહેર કરાયેલા શ્રીમતિ હીના પટેલ આજે ૧૨.૩૦ વાગ્યે પંચાયત ભવન ખાતે આવી પહોંચ્યા ત્યારે મહિલા કોંગ્રેસના અગ્રણીઓ શ્રીમતિ પ્રેમબા હાડા, વિમળાબેન, ઉષાબેન પુરોહિત, રાગીણીબેન બારોટ, હંસાબેન પરમાર, કપિલાબેન પરમાર, મધુબેન, કોકિલાબેન જાદવ, વીણાબેન દવે, વિમળાબેન આરસોડિયા, મંજુલાબેન, અરૂણાબેન પટેલ, ચંદ્રિકાબેન પટેલ, સવિતાબા ડાભી વિગેરેએ ભાવભીનુ સ્વાગત કર્યું હતું.

બરાબર ૧૨.૩૯ મિનિટે શ્રીમતિ હીનાબેન પટેલે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. આ પળે કોંગ્રેસી કાર્યકરોએ કોંગ્રેસ જીંદાબાદના નારાઓથી વાતાવરણ ગજવી દીધુ હતુ.



શ્રીમતિ પટેલે હોદ્દાના ચાર્જ સંભાળતા જ જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણા, શ્રી દિલીપભાઈ પટેલ, શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી અશ્વિન બારોટ, શ્રી નીશિત વ્યાસ, શ્રી હિમાંશુ પટેલ, શ્રી રામાજી ઠાકોર, શ્રી સદેવસિંહજી, શ્રી ગાંભુસિંહ રાઠોડ, શ્રીમતિ શારદાબેન મકવાણા સહિતના આગેવાનોએ તેમને પુષ્પગુચ્છ આપી શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આ પછી તેમના મત વિસ્તારમાંથી તેમજ વિવિધ ગામોના સરપંચો કોલવડા, અંબાપુર, તારાપુર, પોર, રાંદેસણ, સરગાસણનાએ પણ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- નવલી નવરાત્રિમાં ગરબે ઘુમવા માટેના કોચીંગ કલાસની સંખ્યામાં આ વર્ષે નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વરાયેલા શ્રીમતિ હીના પટેલના કાર્યભાર સંભાળવાના આજે યોજાયેલ કાર્યક્રમમાં કાર્યકરોને શીરો પુરી શાકના ભોજન પીરસાયા હતા.
- ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો પંદરમી ઓગષ્ટનો કાર્યક્રમ કલોલ ખાતે યોજાશે.
- ગાંધીનગર જિલ્લામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંગે તંત્ર દ્વારા એક વિશેષ મેગા રકતદાન કેમ્પનું આયોજન હાથ ધરાયું છે અને ૨૫૧ થી પણ વધુ રક્તદાતાઓ દ્વારા આ દિવસે રક્તદાન કરવામાં આવશે.
- આજે જિલ્લાના મોટાભાગના અધિકારીઓ તાલિમમાં અને અન્ય સરકારી કામોમાં વ્યસ્ત હતા જેને કારણે મુલાકાતીઓ નારાજ થયા હતા.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે બિલોના વિતરણનો પ્રારંભ થઈ ગયો છે.
- મહાનગરપાલિકાના આસિ. મ્યુનિ. કમિશ્નરની કચેરીમાંથી એ.સી. મશીન દૂર કરાયું છે.
- પૂર્વ વિદેશ મંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકી પણ ઉત્તરાખંડની આપદાને લઈ પોતાના જન્મદિનની ઉજવણી કરવાના નથી.
- આજે રાજયના તમામ જિલ્લા આયુર્વેદ અધિકારીઓની એક સમીક્ષા બેઠક બોલાવાઈ છે.
- સ્કુલ ઓફ એકટીંગમાં જાણીતા નાટ્ય કલાકાર નિમેષ દેસાઈ ગઈકાલે વિશેષ આવ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓ સાથે વાતો કરી હતી.

# ગાંધીનગરમાં મોસમનો કુલ વરસાદ ૪૪૧ મી.મી.

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદી માહોલ છવાયેલો છે. દરરોજ થોડો ઘણો વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે પડેલા ૧૧ મી.મી. વરસાદ બાદ મૌસમનો કુલ વરસાદ ૪૪૧ મી.મી. સુધી પહોંચ્યો છે.

આકાશમાં અવારનવાર ઘેરાઈ આવતા વાદળો વરસાદી માહોલ ઉભો કરી રહ્યા છે. ધોધમાર વરસાદ નથી વરસતો પરંતુ ક્યારેક નાનુ મોટુ ઝાપટુ પડી જાય છે. વરસાદી માહોલના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

આજે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિ.સે. સુધી પહોંચ્યું છે. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૬ ટકા અને સાંજે ૯૨ ટકા નોંધાયુંછે. ગઈકાલે રાત્રે અને આજે દિવસ દરમ્યાન વરસાદી ઝાપટા પડ્યા હતા અને ૧૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૪૪૧ મી.મી. સુધી પહોંચ્યો છે. છેલ્લા કેટલાક સમયથી થોડાક થોડાક દિવસોના અંતરે પડી રહેલા વરસાદથી સમગ્ર ગાંધીનગરમાં લીલોતરીની ચાદર છવાઈ ગઈ છે. જો કે શહેરમાં જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધ્યો છે.

## ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન મળ્યું

ગાંધીનગર, તા.૨૫

જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગરની એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે, ગાંધીનગર સેકટર-૨૨ની વૃંદાવન સોસાયટીમાં નિવાસી શાંતાબેન દેવશીભાઈ ચૌહાણનું ૮૦ વર્ષની જૈફ વયે સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થના કુટુંબીજન ધીરજબહેનની સંમતિથી ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન કરવામાં આવ્યું હતું. દેહદાન અર્પણની કામગીરીમાં કમલ, જે.એન. પરીખ, ગૌરવ, દિનેશ, જયેશ ચૌધરી, શંભુ અને દિપસિંહે જરુરી સેવા આપી હતી. મેડીકલ કોલેજના ડૉ. હીરેન અન ડૉ. રાજેન્દ્રએ ફુલહારથી સન્માન કરી દેહદાન સ્વીકાર્યું હતું.

# પાણી-ગટર વેરા વસુલાત ક્ષેત્રે તંત્ર પાસે બાકીદારોનો ડેટા નથી

## વસુલાત ઝૂંબેશના ચાર મહીના બાદ પણ બાકીદારોની યાદી તૈયાર થઈ શકી નથી

ગાંધીનગર, તા. ૨૫

પાણી-ગટર વેરા વસુલાત ઝુંબેશના ચાર મહીના બાદ પણ તંત્ર પાસે બાકીદારોની યાદી નથી. વસુલાત ક્ષેત્રે નબળી કામગીરી છતી થયા બાદ પણ તંત્ર બાકીદારો પ્રત્યે બેધ્યાન રહેતા વર્ષો જૂના બાકી માંગણાની રકમનો આંક વધતો જાય છે. ગત વસુલાત ઝુંબેશના અંતે પાણી-ગટરવેરા ક્ષેત્રે કેટલી વસુલાત થઈ તે અંગેનો ડેટા તંત્રને ઉપલબ્ધ થઈ શક્યો નથી. આ મામલે જવાબદાર એજન્સી સામે પણ કોઈ પગલા લેવાતા નથી.

શહેરના જૂના અને નવા સેક્ટરો ઉપરાંત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં તંત્ર દ્વારા પ્રતિવર્ષ વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરી વિસ્તામાં સમાવિષ્ટ ગામોમાં મોટાભાગના જોડાણકર્તાઓ દ્વારા વસુલાત ચુકવણુ ન થતા તંત્રના ચોપડે લાખોની ઉધારીનો અંત આવ્યો નથી. બીજીતરફ આ મામલે તંત્ર કક્ષાએથી પણ ક્યારેક નોટીસ આપવા સિવાય અન્ય કોઈ સખત પગલા ન લેવાતા બાકી વસુલાત જમા લેવા કોઈ વિશેષ રીકવરી થઈ શકી નથી. પ્રતિવર્ષ તંત્ર દ્વારા માર્ચ મહીનામાં એડવાન્સ વસુલાત વસુલવા ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત માર્ચ મહીનામાં પણ વસુલાત ક્ષેત્રે અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સંદર્ભે વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ વેરા વસુલવાના મહીનાના અભિયાન બાદ પણ તંત્ર દ્વારા ૭૦ ટકા કામગીરી જ થઈ હોવાનું

● અનુસંધાન પાના - ૭ પર




# સેન્ટ્રેજ ચાર્જીસ ન વસૂલવા ગુડાએ તંત્રને રજૂઆત કરી

## ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ તેમજ સાયકલ ટ્રેક બનાવવાનાં કામ સંદર્ભે એજન્સીને ચાર્જીસ ચુકવવા ગુડાએ હાથ ઉંચા કર્યા

ગાંધીનગર, તા.૨૫

ઘ-પથી સરકીટ હાઉસના રૂટ પર ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ તેમજ સાયકલ ટ્રેકના કામ બદલ ગુડાએ સેન્ટ્રેજ ચાર્જીસ ચુકવવાના મામલે હાથ ઉંચા કરી દેતા એજન્સી સરકાર પાસે પૈસાની માંગણી કરે છે. બીજી તરફ ચાર વર્ષના અંતે સેન્ટ્રેજ ચાર્જીસ પેટેના રૂ. ૧૦ લાખ વસુલ ન કરવા ગુડાએ વિભાગને રજૂઆત કરી છે.

શહેરમાં સરકીટ હાઉસથી માર્ગ નં.પના વિસ્તારમાં ઈકો ફ્રેન્ડલી પાર્કીંગ તેમજ સયાકલ ટ્રેક બનાવવા ગુડા દ્વારા માર્ગ-મકાન વિભાગના માધ્યમથી એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું. જયારે રૂ. ૧.૭૯ કરોડની આ કામગીરી સંદર્ભે ગુડાને સેન્ટ્રેજ ચાર્જીસ ચૂકવવાનું પણ નિયત કરવામાં આવ્યું હતું. પણ આ ચાર્જીસ ગુડાએ પાટનગર યોજનાને ચુકવ્યો નથી. અંદાજિત વર્ષ ૨૦૦૯ દરમિયાન હાથ ધરાયેલી આ કામગીરીના અંતે હાલની સ્થિતિએ પણ સેન્ટ્રેજ ચાર્જીસ ચૂકવવાનો મામલો યથાવત રહેતા એજન્સીએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. અલબત્ આ કામગીરી સંદર્ભે નિયત થયેલ ચાર્જીસની રકમ ન વસુલવા ગુડા દ્વારા તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ ચાર્જીસ પેટે બાકી ર. ૧૦ લાખની રકમ વસુલવા સરકાર પાસે માંગણી કરી છે. આવા સંજોગોમાં કામના પ્રોજેકટ અન્વયે સેન્ટ્રેજ ચાર્જીસના ચુકવણાની અમલવારી ન થતા મામલો ગુંચવણમાં પડયો છે.

# પોલીસવાનમાં જ કેદીએ માથા પછાડવાનું શરૂ કરી દીધું...!

## ગાંધીનગર કોર્ટથી મુદત પતાવીને કેદી પાર્ટીના ડબામાં સેન્ટ્રલ જેલ લઈ જવાતો હતો : પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા.૨૫

સેન્ટ્રલ જેલમાંથી કેદી પાર્ટીના ડબામાં જાપ્તા સાથે ગાંધીનગર કોર્ટમાં મુદત માટે લાવવામાં આવેલા કેદીને મુદત પતાવીને પરત લઈ જવાઈ રહ્યો હતો તે દરમિયાન ઘ માર્ગ પર ચાલુ પોલીસવાનમાં કેદીએ અચાનક ધમપછાડા શરુ કરી દીધા અને માથા પછાડવા લાગ્યો હતો. કેદીએ શરુ કરેલી આ હરકતથી જાપ્તામાં હાજર પોલીસ જવાનો પણ ડરી ગયા હતા. અને ગાંધીનગર પોલીસને જાણ કરી હતી જેથી સે-૭ પોલીસ દોડી ગઈ હતી અને મામલો થાળે પડયો હતો.

સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી મુદત અર્થે એક કેદીને ગાંધીનર કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. મુદત પતાવીને આ કાચા કામના કેદીને પરત સેન્ટ્રલ જેલ લઈ જવા માટે કેદી પાર્ટીના ડબામાં (પોલીસ વાનમાં) બેસાડવામાં આવ્યો અને ત્યાંથી સેન્ટ્રલ જેલ લઈ જવા પોલીસવાન ઘ માર્ગ પર ઉપડી હતી. ઘ-૧થી આગળ પોલીસ વાન પહોંચી અને ડબામાં બેઠેલા કેદીએ અચાનક ધમાલ મચાવવાનું શરૂ કરી દીધું હતું. ચાલુ પોલીસવાને માથા પછાડવાનું શરુ કરી દેતા કેદીને સંભાળવો મુશ્કેલ બની ગયો હતો. જાપ્તામાં હાજર પોલીસ કાફલો ગભરાઈ જતાં તાત્કાલિક ગાંધીનગર પોલીસ કંટ્રોલને કેદીની હરકત અંગે જાણ કરી બીજી પોલીસ મંગાવવામાં આવી હતી. સે-૭ પોલીસ મથકની પીસીઆર વાન તાબડતોબ પહોંચી ગઈ હતી અને બેકાબુ બનેલા કેદીને શાંત પાડયો હતો અંતે એકાદ કલાકના તરકટ બાદ પરત સેન્ટ્રલ જેલ કેદીને પહોંચાડવામાં આવ્યો હતો.

# પવન ઊર્જાની ક્ષમતામાં રાજ્ય ખૂબ આગળ છે

અમદાવાદ, તા.૨૫

પવનઊર્જાના ક્ષેત્રમાં ગુજરાતે ઉલ્લેખનીય સફળતા હાંસલ કરી છે. ગુજરાત સરકારે દાવો કર્યો છે કે ભારતમાં પવન ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા જે ૧૯૦૦૦ મે.વો. જેટલી છે તેની સામે એકલા ગુજરાતની ૩૧૪૭ મે.વો. જેટલો વીજ ઉત્પાદન ક્ષમતા છે અને આ નવી પવનશક્તિ ઊર્જા નીતિ ગુજરાતની આ ક્ષમતાને વધુ ગતિશીલ બનાવશે તેવો વિશ્વાસ ઊર્જામંત્રી સૌરભ પટેલે વ્યક્ત કર્યો હતો. દેશના અન્ય રાજ્યો જ્યારે બે કે ત્રણ ટકાથી પણ ઓછી વીજળી પવન ઊર્જા દ્વારા ઉત્પાદન કરતા હોય ત્યારે ગુજરાત રાજ્ય એક માત્ર એવું રાજ્ય છે કે જેમાં બિન પરંપરાગત ઊર્જા દ્વારા ઉત્પાદન થતી વીજળીનો હિસ્સો ૧૦ ટકા જેટલો થાય છે, તેમ પણ ઊર્જા મંત્રીએ ઉમેર્યું હતું.










C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com